# જિલ્લો વુહાન બનવા ભણી, નવા ૧૦૧ કેસ

**પેથાપુરમાં બે વર્ષની બાળકી સહિત ગાંધીનગર ગ્રામ્યમાં ૩૩ કેસ, કલોલમાં ૧૬, માણસામાં ૩, દહેગામમાં ૪ કેસ નોંધાયા : શહેરમાં આજે સે. ૨ માંથી ૧૧, સે. ૩ માંથી ૫, સે. ૧, ૭ અને ૩-એ-ન્યુ માંથી ૪-૪ કેસ, સે. ૨૭ માંથી ૩, સે. ૨૪ માંથી ૩, સે. ૫ માંથી બે કેસ મળી આવવા ઉપરાંત સે, ૪, ૮, ૧૪, ૨૯, ૨૨, ૨૩, ૨૫ માંથી પણ કેસ**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લો કોરોનાના સંક્રમણને લઈ વુહાન બનવાની સ્થિતિ તરફ ગતિ કરી રહ્યાનું જણાઈ રહ્યુ છે. જિલ્લામાં કોરોનાના આજે એક જ દિવસમાં ૧૦૧ કેસ નોંધાયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાની સ્થિતિ અતિ ગંભીરરૂપ ધારણ કરી રહી છે. બિનસત્તાવાર સૂત્રોનું માનીએ તો કલોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારો સોજા, નારદીપુર અને અન્ય ગામોમાં સ્થિતિ વધુ બગડી રહી છે. સોજાના એક અગ્રણીના જણાવ્યા પ્રમાણે ગામમાં આજે ૫૦ થી વધુ એક્ટીવ કેસ છે અને જે પૈકી ૧૦ થી વધુ લોકો સારવાર માટે હોસ્પિટલમાં દાખલ છે.

જિલ્લામાં જે ઝડપથી કેસો વધી રહ્યા છે તે જોતાં ચેપરેટ પાંચ ટકા પર પહોંચી ગયો છે. આર.ટી.પી.સી.આર. ટેસ્ટનું પરિણામ જાણવા માટે ૪૮ થી ૭૨ કલાક સુધી રાહ જોવી પડી રહી છે. જિલ્લાની એક પણ હોસ્પિટલમાં બેડ ઉપલબ્ધ નથી અને જિલ્લાના દર્દીઓ હવે મહેસાણા, હિંમતનગર, વિજાપુર, મોડાસા જેવા વિસ્તારોમાં દાખલ થવા જઈ રહ્યા છે.

જિલ્લામાં કોરોનાની દવાઓનો જથ્થો પણ ખુટી પડે તેવી સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે. ઓક્સીજન પણ ધીમી ગતિએ મળી રહ્યો છે. ઓક્સીજનની વધતી જતી ડિમાન્ડને પગલે આજે જિલ્લા પુરવઠાતંત્રએ ઓક્સીજન ઉત્પાદકોના પ્લાન્ટો પર ઓચિંતી મુલાકાત લઈ સપ્લાયના વિગતોની ચકાસણી હાથ ધરી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૫૬ કેસ અને શહેરમાં ૪૫ કેસ નોંધાયા છે. જિલ્લાની સરકારી કે ખાનગી હોસ્પિટલમાં કોઈ જ બેડ ખાલી નથી.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૩ મહિલાઓ સંક્રમિત થઈ છે. પેથાપુરમાં ગઈકાલે બે બાળકો સંક્રમિત થયાના અહેવાલોની શાહી સુકાઈ નથી ત્યાં આજે વધુ એક બે વર્ષની નાની દિકરી સંક્રમિત થઈ છે.

ગ્રામ્યમાં આજે નોંધાયેલા કેસોમાંથી માત્ર એક દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

જિલ્લાના દહેગામ તાલુકામાં ૪ કેસ નોંધાયા છે. કલોલમાં ૧૬ કેસ, માણસામાં ૩ કેસ, ગાંધીનગરમાં ૩૩ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતા ૧૦ કર્મયોગીઓ, સાત વિદ્યાર્થીઓ સંક્રમિતોની યાદીમાં નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જે રીતે કેસો નોંધાઈ રહ્યા છે તેને પગલે તંત્રએ સઘન સર્વેલન્સ તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગ અને હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક થાય તે જોવા માટેની કડક તાકીદ કરી છે.

દહેગામ તાલુકામાં આજે નોંધાયેલા ૪ કેસ ગ્રામ્ય વિસ્તારના છે. દેહગામ તાલુકાના જુના થામ્બલીયા, ધારીસણા ખાતેથી એક-એક કેસ તેમજ સાણોદામાંથી બે કેસ મળી આવેલ છે.

માણસા તાલુકામાં આજે નોંધાયેલા ૩ કેસ ગ્રામ્ય

● અનુસંધાન પાના - ૭ પર

## ગાંધીનગર કોવીડ હોસ્પિટલમાં ૪૧૦ દર્દીઓ સારવાર હેઠળ

ગાંધીનગર શહેરમાં કોરોના કહેર મચાવી રહ્યો છે. બીજીવારની કોરોના લ્હેર નાગરીકો માટે ઘાતક સાબિત થઈ રહી છે. કોરોના પોઝીટીવ દર્દીઓનો આંક સતત વધી રહ્યો છે. પાટનગરમાં રવિવારના રોજ ૧૦૧ દર્દીઓ નોંધાયા છે.જેમાં ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાંથી ૪૫ અને ગ્રામીણ વિસ્તારમાંથી ૫૬ કેસ સામે આવતા તંત્રમાં પણ હડકંપ મચી ગયો છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં અને શહેરી અર્બન હેલ્થ સેન્ટર ખાતે પણ કોરોનાના રેપીડ અને આરટીપીસીઆર ટેસ્ટ માટે નાગરીકોની લાંબી કતારો જોવા મળે છે. ત્યારે પાટનગરમાં સતત વધી રહેલા કોરોના સંક્રમણને અટકાવવા માટે નાગરીકો દ્વારા સતત પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. ત્યારે ગાંધીનગર કોવીડ હોસ્પિટલમાં ૪૧૦ થી વધુ દર્દીઓ સારવાર મેળવી રહ્યા છે. ત્યારે સિવિલના ૧થી૮ માળ દર્દીઓથી સંપૂર્ણ ભરાઈ ગયા છે. ઓકિસજન, બાયપેપ અને વેન્ટીલેટર પર દર્દીઓ સારવાર મેળવી રહ્યા છે. ત્યારે દર્દીઓની સંખ્યા વધતા નવા વોર્ડ પણ ઉભા કરવા માટે તંત્ર દ્વારા ચર્ચાવિચારણ ચાલી રહી છે.જયારે હાલના સમયે તો કેટલાક દર્દીઓ કોરોના આર્યુવેદિક હોસ્પિટલ ખાતે સારવાર લઈ રહ્યા છે.

## ગાંધીનગરમાં ૩૪ કોરોનાગ્રસ્ત મૃતકોના અંતિમ સંસ્કાર

**સરકારના જે આંકડા હોય તે પરંતુ જમીની હકીકત છે કે ૨૮ મુક્તિધામ અને ૬ રુદ્રભૂમિ ખાતે અંતિમ સંસ્કાર થયા**

ગાંધીનગર શહેરમાં કોરોના અજગરી ભરડો લઈ આતંક મચાવી રહ્યો છે. કોરોનાની વૈશ્વિક મહામારી વિકરાળ બની રહી છે. સતત વધી રહેલા કોરોના સંક્રમણને પગલે નાગરીકો ભયભીત બન્યા છે. ત્યારે ગાંધીનગર સિવિલમાં પણ કોરોના સંક્રમિત દર્દીઓનો મૃત્યુનો આંકડો બિહામણો છે. શનિવારના સાંજના ૫ થી રવિવારના ૫ વાગ્યા સુધી ૩૪ દર્દીઓનો જીવનદીપ બુઝાયો છે. જેમાં શનિવારના રોજ સાંજના ૬ થી રાત્રીના ૧૨ કલાક સુધીમાં દર કલાકે બે દર્દીઓ એ અંતિમ શ્વાસ લીધા છે. ત્યારે ગાંધીનગરના મુકિતધામ ખાતે છેલ્લા ચોવીસ કલાકમાં ૨૮ અને સરગાસણ રૂદ્રભુમિ ખાતે ૬ મળી કુલ-૩૪ કોરોના દર્દીઓની અંતિમવિધી કરવામાં આવી છે. ગાંધીનગર મુકિતધામ ખાતે છેલ્લા અઠવાડીયામાં ૧૨૦ થી વધુ દર્દીઓની અંતિમક્રિયા કરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ રાજયમાં કોરોનાનો કહેર દિન પ્રતિદિન વધી રહ્યો છે. કોરોનાના આંકડા રોકેટગતિએ વધી રહ્યા છે. કોરોનાએ ચોતરફ હાહાકાર મચાવ્યો છે. ત્યારે રાજયમાં કોરોનાના ૫૪૬૯ કેસ નોંધાયા છે. જયારે ૫૪ દર્દીઓના મૃત્યુ થયા છે. જયારે પાટનગરમાં પણ કોરોના કેસમાં સતત ઉછાળો આવી રહ્યો છે. રવિવારના રોજ પાટનગરમાં ૧૦૧ કેસ સામે આવ્યા છે. જેમાં મનપા વિસ્તારમાંથી ૪૫ અને ગ્રામીણ વિસ્તારમાંથી ૫૬ કેસ નોંધાતા તંત્ર પણ ચોંકી ઉઠ્યું છે. પાટનગરમાં કોરોના કંટ્રોલ બહાર જઈ રહ્યો હોય તેમ લાગી રહ્યું છે. કોરોનાની સ્થિતિ તંત્રના હાથમાંથી સરકતી જતી હોય તેમ લાગે છે. કોરોનાના ડરામણા આંકડા સતત સામે આવે છે. જે નાગરીકોને પણ ભયભીત કરી મુકે છે. ત્યારે રવિવારના રોજ ગાંધીનગર ખાતે કુલ - ૩૪ દર્દીઓના અંતિમ સંસ્કાર કરાયા છે. જેમાં સેકટર-૩૦ મુકિતધામમાં ૨૮ અને સરગાસણ રૂદ્રભુમિ ખાતે ૬ મૃતકોની અંતિમવિધી કરાઈ છે. જયારે દિવસ દરમિયાન અંતિમધામ ખાતે કુલ ૪૮ દર્દીઓની અંતિમક્રિયા કરવામાં આવી છે.




**સિવિલમાં કોરોના ટેસ્ટ માટે લાંબી લાઈનો યથાવત**

શહેરમાં કોરોના બેકાબુ બની રહ્યો છે. ત્યારે કોરોનાના રેપીડ અને આરટીપીસીઆર ટેસ્ટ માટે દર્દીઓની લાંબી લાઈનો લાગે છે. છેલ્લા કેટલાક દિવસથી સતત દર્દીઓની લાઈનો લાંબી થતી જાય છે. ત્યારે આગામી સમયમાં વધુ નાગરીકો ટેસ્ટ માટે ઉમટી પડે તો નવાઈ નહી.

## સિવિલમાં સતત બીજા દિવસે પ્રભારી યાદવે રાઉન્ડ લેતાં ગંભીર સમસ્યાઓ ઉભરી આવી

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના નવનિયુક્ત પ્રભારી અમીત યાદવે આજે બીજે દિવસે પણ હોસ્પિટલનો રાઉન્ડ લીધો હતો.

તેમણે હોસ્પિટલની સફાઈને વધુ સઘન કરવા ઉપરાંત હેલ્પ ડેસ્કની સુવિધા પરથી રિઅલ ટાઈપ પેશન્ટની સ્થિતિ અંગે તેમના સ્વજનોને જાણ થાય તેના પર ભાર મુક્યો હતો. હોસ્પિટલમાં ખુટતા સ્ટાફ અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. બીજી તરફ કોલવડા ખાતે ૨૦૦ બેડ ઓક્સીજન સાથેના ઉભા કરવાના લઈને તેમણે પણ ચિંતન શરૂ કર્યુ છે. ગાંધીનગર હોસ્પિટલના સ્ટાફને ત્યાં ખસેડવામાં આવસે તો ગાંધીનગર હોસ્પિટલની હાલની જે સેવાઓ છે તે કથળી જવાનો ભય છે. ગાંધીનગરના ૧૨ જેટલા રેસિડેન્ટસને વડોદરા ગોત્રી હોસ્પિટલમાં ફરજ પર મુકવામાં આવ્યા છે. હોસ્પિટલમાં કોરોનાની ઓ.પી.ડી.માં પણ દર્દીઓ વધી રહ્યા છે. આ સ્થિતિમાં નવા મેડીકલ તબીબો, નર્સિંગ તેમજ અન્ય સ્ટાફની ભરતી પણ આવશ્યક છે.

પેશન્ટ એટેન્ડેટ્સ પણ સિવિલમાં ઓછા પડી રહ્યા છે તો કોલવડામાં કેવી રીતે પહોંચી શકાશે તે પણ ગંભીર સમસ્યા છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની નાજુકતાના કિસ્સાઓ વધી રહ્યા છે. યાદવે તેમના આજના રાઉન્ડ દરમ્યાન ઓક્સીજન યુટીલાઈઝેશનને લઈ પણ વિગતો મેળવી હતી.

## રાજ્યની બધી કોલેજોમાં ૩૦મી સુધી ઓફલાઈન શિક્ષણ બંધ

**કોરોનાના વધતા જતાં સંક્રમણને ધ્યાનમાં રાખીને ગુજરાત રાજ્યની તમામ સરકારી અને ખાનગી કોલેજો બંધ રહેશે**

ગાંધીનગર, તા. ૧૧

કોરોનાના વધતા જતાં સંક્રમણને ધ્યાનમાં રાખીને ગુજરાત રાજ્યની તમામ સરકારી અને ખાનગી કોલેજોમાં પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય (ઑફલાઈન) આગામી ૩૦મી એપ્રિલ સુધી બંધ રાખવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આયોગ દ્વારા એપ્રિલ-૨૦૨૧માં લેવાનારી તમામ પરીક્ષા મોકૂફ રાખવાની જાહેરાત કરી છે. આ ઉપરાંત માહિતી ખાતા દ્વારા લેવામાં આવનારી નાયબ માહિતી નિયામક, વર્ગ-૧, મદદનીશ માહિતી નિયામક વર્ગ -૨, સિનિયર સબ એડિટર વર્ગ-૩ અને માહિતી મદદનીશ વર્ગ -૩ની પરીક્ષાઓ પણ હાલ પૂરતી મોકૂફ કરી દેવામાં આવી છે. યુપીમાં કોરોના વાયરસની બીજી લહેરથી કોરોનાના કેસમાં ખુબ વધારો થઈ રહ્યો છે. શનિવારે ૧૨ હજારથી વધુ કેસ આવ્યા બાદ હવે રાજ્ય સરકારે ભીડ રોકવા માટે અનેક પગલાં લીધા છે. વધતા કેસના કારણે હવે પહેલા ધોરણથી લઈને ૧૨મા ધોરણ સુધી તમામ ખાનગી અને સરકારી શાળા કોલેજો તથા કોચિંગ ક્લાસ ૩૦ એપ્રિલ સુધી બંધ રાખવાના આદેશ અપાયા છે.

## જિલ્લામાં આરોગ્ય સેવાઓ કથળી ચુકી છે નિશીત વ્યાસ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં આરોગ્ય સેવાઓ કથળી રહી છે અને સરકારને જાણે કોઈ પડી ના હોય તેમ વર્તન કરી રહ્યાનો ગંભીર આક્ષેપ કોંગીના મહામંત્રી નિશીત વ્યાસે કર્યો છે.

તેમણે કહ્યુ છે કે તંત્રમાં કર્મયોગીઓને વિરામનો સમય આપ્યા સિવાય આડેધડ સેવાઓ લેવામાં આવી રહી છે. કોવિડ હેલ્થ સેન્ટરો જાહેર કરવાથી સારવાર ઉપલબ્ધ પણ થતી નથી કારણ કે ત્યાં ટ્રેઈન સ્ટાફની અછત છે. દવાનો જથ્થો પણ પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ નથી.

વ્યાસે સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં એક પણ બેડ ઉપલબ્ધ ન હોવા છતાં તંત્ર આંકડાઓની માયાજાળ રચી બેડ ઉપલબ્ધિની વિગતો કહ્યા કરે છે તે સૌથી વધુ દુઃખદ છે. તંત્ર આયોજનમાં ઉણુ ઉતર્યુ છે એટલુ જ નહિ હવે દવાનો જથ્થો પણ નથી કે ઓક્સીજનની પણ માંગ જે રીતે વધી રહી છે તેને પહોંચી વળવાનું આયોજન નથી.

ગાંધીનગરમાં છેલ્લા એક વર્ષમાં કેટલા તબીબોની ભરતી કરવામાં આવી તે જાહેર કરો તેવી માંગ કતાં તેમણે કહ્યુ કે જે સિની. રેસીડેન્ટ અને જુનિ. રેસીડેન્ટ તબીબોને પણ ઈન્સ્પેકશનના બ્હાને અન્ય કોલેજોમાં બદલી આપી મોકલી આપવામાં આવ્યા છે જે અણઘડ આયોજનને છતુ કરે છે.

## શહેરમાં ‘લોકડાઉન’ જેવી સ્થિતિ

**કોરોનાના કહેરને ડામવા માટે નાગરિકો ઘરમાં પુરાયેલા રહ્યા : સેકટરોના શોપિંગ બજારોમાં સવાર સાંજ સિવાય મોટાભાગની દુકાનો પણ બંધ રહી**

ગાંધીનગર તા ૧૧

શહેરમાં કોરોનાએ આતંક મચાવ્યો છે. એકબાજુ કોરોનાના



કેસ રોજબરોજ વધી રહ્યા છે. ત્યારે હોસ્પિટલમાં જગ્યા ન હોવાની સાથે પુરતી દવા અને ઈન્જેકશન પણ ઉપલબ્ધ ન હોવાનો રોષ ચરમસીમાએ પહોંચ્યો છે. ત્યારે ગરમીના કહેર વચ્ચે કોરોનાથી બચવા આજે શહેરમાં નગરજનોએ સ્વયંભુ લોકડાઉન પાળ્યુ હોય તેવી સ્થિતિ જોવા મળી હતી. દિવસ દરમિયાન સેકટરોની શેરીઓ અને શોપિંગ બજારમાં અનોખો સન્નાટો છવાયેલો જોવા મળ્યો હતો.

ગાંધીનગરમાં કોરોનાએ હાહાકાર મચાવ્યો છે. કોરોનાના દર્દીઓની સંખ્યા દિનપ્રતિદિન વધી રહી છે. બીજીતરફ ખાનગી હોસ્પિટલોમાં એક પણ બેડ ખાલી નથી અને દવા તેમજ ઈન્જેકશનનો કકળાટ પણ દર્દીઓ માટે ભયનુ કારણ બન્યો છે. આ ભયાવહ સ્થિતિ વચ્ચે સરકારે સંક્રમણને કાબુમાં લેવા માટે રાત્ર કરફયુ જાહેર કર્યો છે. ત્યારે કોરાનાનુ વધતુ સંક્રમણ અટકાવવા માટે આમ નાગરિકો પણ હવે વધુ જાગૃત બન્યા છે. શહેરમાં ધાર્મિક સંસ્થાઓ પણ બંધ છે. મંદિરોમાં દર્શનાર્થીઓ માટે એન્ટ્રી નથી. જયારે જાહેર સ્થળો પર પણ ભીડ જોવા મળતી નથી. કોરોના સંક્રમણની સાંકળ તોડવા માટે નાગરિકો જાગૃત થયા છે. સરકારે લોકડાઉન આપ્યુ નથી પરંતુ હાલ કોરોનાના કહેર વચ્ચે સેકટરોમાં શોપિંગ સેન્ટરો પણ સ્વંયભુ બંધ જોવા મળી રહ્યા છે. ગરમીના દિવસોમાં સવારે અને સાંજે માંડ બે કલાક દુકાનો ચાલુ જોવા મળી રહી છે. આજે રજાના દિવસે એકબાજુ ગરમીનો પારો પણ ગરમ જોવા મળ્યો હતો ત્યારે કોરોના અને ગરમીની અસરથી શહેરમાં સન્નાટો છવાયો હતો. દિવસ દરમિયાન સેકટરોની શેરીઓ તેમજ શહેરના શોપિંગ બજારોમાં પણ લોકડાઉન જેવી સ્થિતિ જોવા મળી હતી. નાગરિકો ઘરની બહારન નિકળ્યા ન હતા કોરોનાના વધતા કેસ વચ્ચે ગરમીનો પારો પણ ઉંચકાયો છે. ત્યારે સલામતી માટે નગરજનો ઘરની બહાર નિકળવાનુ સદંતર ટાળી રહ્યા છે. આજે રજાના દિવસે શહેરમાં દિવસ દરમિયાન બંધ જોવા મળ્યુ હતુ. શોપિંગમાં મોટાભાગની દુકાનો બંધ રહી હતી. નગરના મુખ્યમાર્ગો તેમજ શોપિંગ બજારમાં અનોખો સન્નાટો જોવા મળ્યો હતો. સેકટરોમાં પણ આડા દિવસોમાં બાળકોના કિલ્લોલથી ગુંજતી શેરીઓમાં સુનકાર છવાયેલો રહ્યો હતો. કોરોનાએ કાળો કેર વર્તાવતા નાગરિકોમાં ભયની લાગણી વ્યાપી છે. અકેબાજુ કેસ વધી રહ્યા

● અનુસંધાન પાના - ૭ પર


**ટેલીફોનીક બેસણું**



અમારા સુપુત્ર

ચિ. બકુલ કનૈયાલાલ જોષી

(સુદાસણા નિવાસી) હાલ ગાંધીનગરનો

તા. ૧૦-૪-૨૦૨૧ના રોજ સ્વર્ગવાસ થયેલ છે.

ટેલીફોનીક બેસણું

તા. ૧૨-૪-૨૦૨૧ સોમવારના રોજ સવારે ૯ થી ૧૨ રાખેલ છે.

વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને લૌકિક ક્રિયાઓ બંધ રાખેલ છે.

કનૈયાલાલ ગુલાબચંદ જોષી (મો. ૭૯૮૪૪૬૦૯૮૨)
પ્રવિણાબેન કનૈયાલાલ જોષી
દર્શના બકુલ જોષી (મો. ૯૪૨૮૦૦૦૫૨૧)
ઉર્વ બકુલ જોષી

ચંદ્રકાન્ત પ્રભાશંકર રાવલ (મો. ૯૮૨૫૦૧૩૭૭૫)
જીજ્ઞાષા ચંદ્રકાન્ત રાવલ (મો. ૯૮૨૫૫૯૯૭૦૯)
દિવ્યાંગ ડી. દેસાઈ (મો. ૯૮૨૫૦૬૫૧૫૯)

પ્રાંજલી, ઝંકૃતિ, સંસ્કૃતિ

**બેસણું**



અમારા ભાઈશ્રી જીવાજી કાનાજી ઠાકોરનું તા. ૧૧-૪-૨૦૨૧ને રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્દગતનું બેસણું તા. ૧૨-૪-૨૦૨૧ને સોમવારના રોજ સવારે ૯ થી ૧ ગામ : ધોળાકુવા (રામદેવ મંદિરની બાજુમાં) ખાતે રાખવામાં આવેલ છે. પ્રભુને ગમ્યું તે ખરું..

વિઠ્ઠલજી કાનાજી મકવાણા (ભાઈ)
મહેશજી કાનાજી ઠાકોર (ભાઈ)
કાળાજી ગેદાલજી ઠાકોર (ભાઈ)
હિતેશજી વિઠ્ઠલજી મકવાણા (ભત્રીજો)
ગીરીશજી જીવાજી ઠાકોર (પુત્ર)
વિનોદજી જીવાજી ઠાકોર (પુત્ર)

હર્ષ મહેશજી ઠાકોર (ભત્રીજો)
અતિલજી કાળાજી ઠાકોર (ભત્રીજો)
મેહુલ કાળાજી ઠાકોર (ભત્રીજો)
સંજયજી વખાજી ઠાકોર (જમાઈ)
સતિષજી જેસંગજી ઠાકોર (જમાઈ)
અમિતજી લાલાજી ઠાકોર (જમાઈ)

મો. : ૯૭૨૩૨૧૪૮૭૯, ૯૨૬૫૧૪૫૬૮૬ (ગીરીશજી)

**શ્રદ્ધાંજલિ**



સ્વ. બકુલ કનૈયાલાલ જોષી

સ્વર્ગવાસ તા. ૧૦-૪-૨૦૨૧

આપની અણધારી વિદાયથી અમે ભારે આઘાત અનુભવીએ છીએ. આપનો હસમુખો અને પ્રેમાળ સ્વભાવ ક્યારેય ભુલાશે નહિ... આપની કર્તવ્ય પરાયણતા અને હિંમત હંમેશાં સ્મરણમાં રહેશે. આપના આત્માને પરમાત્મા ચિર શાંતિ આપે એવી પ્રાર્થના...

લિ.

ગીરીશ એમ. પટેલ (વાવોલ)
સુનિતા ગીરીશ પટેલ
સ્નેહા રોમિનકુમાર અમીન (યુ.એસ.એ.)
સુહાસ ગીરીશ પટેલ (યુકે)
ફર્મ : વહાણવટી કોર્પોરેશન (ગવર્નમેન્ટ કોન્ટ્રાક્ટર)
જિજ્ઞાસા મોટર ડ્રાઈવીંગ સ્કુલ, ગાંધીનગર

**જાહેર આભાર**



ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા તા. ૧૮-૪-૨૦૨૧ના રોજ સંસ્થાના પ્રમુખ શ્રી કેશરિસિંહ બિહોલાની આગેવાની હેઠળ ગાંધીનગર શહેરમાં કોરોના મહામારીને કારણે વધતા જતા સંક્રમણ કેસોને ધ્યાને લઈ ચૂંટણી મોકુફ રાખવા સંસ્થાના હોદ્દેદારો રાજેન્દ્ર પારેખ, પ્રદિપસિંહ બિહોલા, કે.પી. સોલંકી, હરેશભાઈ પટેલ, જયેશભાઈ આગજા, સી.કે. સોની, કાનજીભાઈ દેસાઈ, ઈશ્વરભાઈ પ્રજાપતિ, અશ્વિનભાઈ રાઠોડ, મહમંદભાઈ ચેબા, અંજનાબેન રાઠોડ વિગેરેએ રૂબરૂ રાજ્ય ચૂંટણી પંચ કલેક્ટરશ્રી, મુખ્યમંત્રીશ્રી, મહાનગરપાલિકાના કમિશનરશ્રીને આવેદન પત્ર આપી ચૂંટણી મોકુફ રાખવા રજુઆતો કરી હતી. જેના ફળ સ્વરૂપે અમારી લોકહિતની માંગણીનો સ્વિકાર કરવામાં આવતા માનનીય મુખ્યમંત્રીશ્રી, રાજ્ય ચૂંટણી પંચ, કલેક્ટર, સર્વે અધિકારીઓ, શહેરના નગરજનો, પ્રેસ મિડિયા, અગ્રણી સમાચાર માધ્યમો, ઈલોક્ટ્રોનિક્સ મિડિયા, ગાંધીનગર શહેરની અગ્રણી



સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ વસાહતીઓએ અમારી જનહિતની માંગણીને વેગ આપી વસાહતીઓની જીતને સફળ બનાવતા સર્વેનો આભાર ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ માને છે.

રાજેન્દ્ર આર. પારેખ — મહામંત્રી
કેશરિસિંહ બિહોલા — પ્રમુખ

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com